અપીલ અરજી નં.૩૩૯ તા.૨૧–૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નન્હેલાલ શિવશંકર દુબે
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી – ઉધના ઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નન્હેલાલ શિવશંકર દુબેની તા. ૧૬/૧૨/૧૦ ની અરજીથી શકિત નગર ઝુપડપટ્ટીમાં આવેલ ઝુપડા નંબર – ૫૦ માં ડીમોલેશનમાં નુકશાન થતા હમોએ તેના રીપેરીંગ કામ માટે સુરત મહાનગર પાલિકામાં ઉધના ઝોનમાં પરવાનગી માંગવા માટે અરજી કરેલી. હમો અરજદારનું રીપેરીંગ કામ બંધ કરવા કૃપાશંકર શુકલા નામના વ્યકિતએ ખોટા આધાર પુરાવાના સાથે ખોટી અરજી કરેલી. સદર અરજી તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૨૧/૧/૧૧ અપીલ અરજી નં.**SMC/FAP/** ૩૩૯/ ૨૦૧૦–૧૧.

શ્રી નન્હેલાલ શિવશંકર દુબે ની તા. ૧૬/૧૨/૧૦ ની અરજીથી શકિત નગર ઝુપડપટ્ટીમાં આવેલ ઝુપડા નંબર – ૫૦ માં ડીમોલેશનમાં નુકશાન થતા તેઓએ તેના રીપેરીંગ કામ માટે સુરત મહાનગર પાલિકામાં ઉધના ઝોનમાં પરવાનગી માંગવા માટે અરજી કરેલી. સદર અરજદારનું રીપેરીંગ કામ બંધ કરવા કૃપાશંકર શુકલા નામના વ્યકિતએ ખોટા આધાર પુરાવાના સાથે ખોટી અરજી કરેલી. સદર અરજી તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧/૧/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા અપીલના મુદ્દાઓ અંગે પક્ષ રજુ કરવા તથા વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૬૯ તા.૫–૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી – ઉધના ઝોન તથા અરજદારને ત્રાહિતે આપેલ ફરિયાદ નકલ જાહેર કરવામાં જાહેરહિતની અગત્યતા ની સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તથા અરજદાર તરફથી કોઈ પુરક માહિતી પુરી પાડેલ નથી.

અરજદારની તા.૧૬–૧૨–૧૦ની અરજીથી માંગેલ માહિતીમાં શકિત નગર ઝુપડપટ્ટીમાં આવેલ ઝુપડા નંબર – ૫૦ માં ડીમોલેશનમાં નુકશાન થતા હમોએ તેના રીપેરીંગ કામ માટે સુરત મહાનગર પાલિકામાં ઉધના ઝોનમાં પરવાનગી માંગવા માટે અરજી કરેલી. હમો અરજદારનું રીપેરીંગ કામ બંધ કરવા કૃપાશંકર શુકલા નામના વ્યકિતએ ખોટા આધાર પુરાવાના સાથે ખોટી અરજી કરેલી. સદર અરજી તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી આપેલ હોવાનું જણાતુ નથી. તથા માહિતીની ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ ૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ પણ જણાવેલ નથી પ્રથમ દ્રષ્ટિથી ત્રાહિતે આપેલ ફરીયાદ નકલની માંગણી કરેલ જણાય છે. આમ અરજદારે કૃપાશંકર શુકલા નામના વ્યકિતએ ખોટા આધાર પુરાવા સાથે ખોટી અરજી કરેલ હોય અને તેની સાથે દસ્તાવેજી પુરાવાની નકલ સાથે દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પુરી પાડવાની રહે અથવા તો અપવાદના કારણ સહિતના નિર્ણયની અરજદારને જાણ કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ ન હોઈ તથા તે અંગેના નિર્ણયની જાણ કરેલ ન હોય આરટીઆઈ એકટની કલમ ૭ (૬)હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં માહિતીના ઈન્કાર માટેનો નિર્ણય હોય તો કલમ –૮,૯ કે ૧૧ પૈકીના ઉચિત અપવાદ જણાવવા અગર માહિતી જાહેર કરવા અંગેનો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય હોયતો તે પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારીના નિર્ણય બાદ નારાજગીના કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ માં અપીલ કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન......જાણ તથા અમલ માટે
(૨) શ્રી નન્હેલાલ શિવશંકર દુબે